Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014

Continuous Issue-22 | February – March 2019

# અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોના નિર્માણ સંબંધી વ્યૂહરચનાઓ


**ટૂંકસાર**

શિક્ષણની ત્રિ-ધ્રુવી પ્રક્રિયા છે. આ ત્રણ ધ્રુવ એટલે વિદ્યાર્થી, શિક્ષક અને અભ્યાસક્રમ. જેમાં અભ્યાસક્રમને સુવ્યવસ્થિત ભૌતિક સ્વરૂપે રજૂ કરવાનું માધ્યમ એટલે પાઠ્યપુસ્તક. આથી પાઠ્યપુસ્તક શિક્ષણનો મહત્વનો ધ્રુવ છે. અધ્યયન અને અધ્યાપનની સમગ્ર પ્રક્રિયાને પરિણામદાયી બનાવવાનું કાર્ય પાઠ્યપુસ્તક દ્વારા થાય છે. આથી જો **'પાઠ્યપુસ્તક ઉત્તમ હશે તો પરિણામ શ્રેષ્ઠ મળશે' એવી ધારણા** સાથે પ્રસ્તુત અભ્યાસમાં **અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોના નિર્માણ સંબંધી વ્યૂહરચનાઓ** સંબંધી ચિંતન કર્યું છે. વ્યૂહરચનાઓના ઘડતર માટે આવશ્યક માહિતી વિવિધ સ્ત્રોતો જેવા કે અર્થશાસ્ત્રના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોની સમીક્ષા, પાઠ્યપુસ્તક સંદર્ભે તાલીમાર્થીઓના લેખિત સૂચનો અને અર્થશાસ્ત્રનું અધ્યાપન કરતાં શિક્ષકો પાઠ્યપુસ્તકો વિશેના અનુભવો જાણી તેમજ ઈન્ટરનેટમાંથી મેળવી હતી. આ સંશોધન વર્ણનાત્મક પ્રકારનું હતું જેમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. અભ્યાસ અંતર્ગત બી.એડ. કૉલેજના ૨૦ તાલીમાર્થીઓ, ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અર્થશાસ્ત્રનું અધ્યાપન કરતાં પાંચ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કર્યા હતાં. અભ્યાસમાં માહિતી પ્રાપ્તિના ઉપકરણ તરીકે પ્રસ્તુત અભ્યાસમાં **'લૂઇસ વાંગલે સૂચિત માપદંડ' નો ઉપયોગ કર્યો હતો. જેની મદદથી** અર્થશાસ્ત્રના વર્તમાન પાઠ્યપુસ્તકોનું મૂલ્યાંકન કરાવ્યું હતું. જેમાં કુલ પાંચ આધારો પર વર્તમાન સમયમાં ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અમલી અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકો ચકાસવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાઠ્યપુસ્તકની ગુણવત્તા સુધારવા સંબંધી સૂચન કરવા એક મુક્ત જવાબી પ્રશ્ન પૂછ્યો હતો. પ્રાપ્ત માહિતીનું વર્ણનાત્મક આંકડાશાસ્ત્રની મદદથી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાપ્ત માહિતીનું સામાન્યીકરણ કરી તારણો તારવ્યા હતા. જે મુજબ- તાલીમાર્થીઓને ધોરણ-૧૧ના અર્થશાસ્ત્રનું સ્તર કઠિન લાગ્યું હતું. ધોરણ-૧૨માં વર્તમાન સમયને અનુરૂપ વિવિધ મુદ્દાઓ સમાવવાની આવશ્યકતા છે. કેટલાંક મુદ્દાઓમાં તાજી (letest) માહિતી રજૂ થાય તેની આવશ્યકતા જણાવી હતી. પાઠ્યપુસ્તકમાં ટેબલ, ચાર્ટ, કોઠાની રજૂઆત ધોરણો અનુસાર થવી જોઈએ. ખાસ કરીને વિશેષ અભ્યાસ માટે સંદર્ભો અને વેબસાઈટનો ઉલ્લેખ આવશ્યક ગણાવ્યો હતો.


**ચાવીરૂપ શબ્દો**: *પાઠ્યપુસ્તક, વ્યૂહરચનાઓ.*

**પ્રસ્તાવના**

શિક્ષણની ત્રિ-ધ્રુવી પ્રક્રિયા છે. આ ત્રણ ધ્રુવ એટલે વિદ્યાર્થી, શિક્ષક અને અભ્યાસક્રમ. અભ્યાસક્રમને ભૌતિક સ્વરૂપે સુવ્યવસ્થિત રજૂ કરવાનું માધ્યમ એટલે પાઠ્યપુસ્તક. આમ, શિક્ષણનો એક અતિ મહત્વનો ધ્રુવ છે, પાઠ્યપુસ્તક. અધ્યયન અને અધ્યાપનને પરિણામદાયી બનાવવાનું કાર્ય પાઠ્યપુસ્તકના માધ્યમથી થાય છે. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અર્થશાસ્ત્ર વિષય નવો અને પ્રમાણમાં કઠિન ગણાય. આ તબક્કે પાઠ્યક્રમના અભ્યાસ માટે પાઠ્યપુસ્તક એકમાત્ર આધાર હોય છે. પાઠ્યપુસ્તક વિદ્યાર્થીનું સ્તર નિર્ધારણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. કોઠારી કમિશન(૧૯૬૪-'૬૬)એ '+૨ તબક્કે વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન કરતાં થાય' એવી એક અપેક્ષા દર્શાવેલ તે હેતુ પણ ખરો. બે વર્ષના

અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીઓ એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સમિશ્રણ વાળા અભ્યાસક્રમ અને ભારતની આર્થિક સમસ્યાઓનું અધ્યયન કરે. આ સમગ્ર પ્રક્રિયાની નીપજ એટલે એક આર્થિક પ્રવાહોને સમજે તેવો ચિંતનશીલ નાગરિક તૈયાર થાય. આ મુખ્ય હેતુની સાર્થકતા માટે પાઠ્યપુસ્તક એ મહત્વનો ધ્રુવ ગણાય. અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમમાં કેટલા સમયગાળા પછી પરિવર્તનો આવ્યા? ક્યાં ક્યાં પરિવર્તનો આવ્યા? અગાઉના પાઠ્યપુસ્તક કરતા વર્તમાન પુસ્તક શું આગવાપણું ધરાવે છે? વર્તમાન પાઠ્યપુસ્તકમાં કઈ કઈ કચાશ રહી ગઈ છે? જેવા પ્રશ્નો પર પ્રાપ્ત ઉત્તરોના આધારે પ્રાપ્ત સંકેતો અનુસાર **અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોના નિર્માણ સંબંધી વ્યૂહરચનાઓ** રજૂ કરી છે.

**મુખ્ય શબ્દોની વ્યાખ્યા**

**પાઠ્યપુસ્તક**

A book used as a standard work for the study of a particular subject.

સામાન્યતઃ પાઠ્યપુસ્તકોમાં મુખ્યત્વે નીચેની બાબતો હોય છે.

- નવા વિષયાંગનો પરિચય.
- વિષયાંગને અનુરૂપ ઉદાહરણો.
- વર્તમાન **વિષયાંગ બ્લોકમાં દર્શાવ્યા હોય.**
- મુદ્દાઓને વ્યવહારમાં લાવવા પ્રેરિત કરે.
- પ્રશ્નો ઉકેલવા આપે.
- વ્યક્તિગત અભ્યાસ કરવા પ્રેરિત કરે.
- નિયમિત રીતે વધારાના સ્ત્રોત પૂરા પાડે.
- અધ્યયનનું પરિક્ષણ.

**વ્યૂહરચના**

A plan of action designed to achieve a long term or overall aim.

**પાઠ્યપુસ્તક સંબંધી અસરકારક વ્યૂહરચના**

જે પુસ્તકમાં અધ્યેતાઓ જેના વિશે જાણે છે તે સંદર્ભે નવા વિષયાંગો રજૂ થતાં હોય, વિષયવસ્તુના મુદ્દાઓ સાથે ચિત્રોની રજૂઆત કરી હોય, જુદાજુદા વિષયાંગ અને કૌશલ્યો સંબંધિત માહિતી રજૂ થઇ હોય, તૈયાર પુસ્તક વિદ્યાર્થી સુધી પહોંચે તેની વિતરણ વ્યવસ્થા ગોઠવી હોય, પુસ્તક સંબંધી સમસ્યાઓ જાણીને ઉકેલી હોય, પુસ્તકમાં સ્વતંત્ર અભ્યાસના કૌશલ્યો વિકસે તેવી વ્યવસ્થા થઇ હોય, સારી ધારણશક્તિ માટે વારંવાર મૂલ્યાંકન થતું હોય.

**હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સહ હાથ ધરવામાં આવ્યો હતો.

1. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અમલી અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોની સમીક્ષા હાથ ધરવી.
   1.1. બી.એડના તાલીમાર્થીઓ પાસેથી અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોની ગુણવત્તા માટેના સૂચનો મેળવવા.
   1.2. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અર્થશાસ્ત્ર શીખવતા શિક્ષકોના પાઠ્યપુસ્તકો સંબંધી અનુભવો જાણવા.
2. અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકને અસરકારક બનાવવાની વ્યૂહરચનાઓ દર્શાવવી.

**પ્રશ્નો**

**પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત નીચે દર્શાવેલ પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.**

1. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અમલી અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોનાં સારા-નરસાં પાસાં કયા કયા છે?
   1.1. અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોની ગુણવત્તા સુધારવા માટે શું કરી શકાય?
   1.2 અર્થશાસ્ત્ર શીખવતા શિક્ષકો પાઠ્યપુસ્તકો સંબંધી કેવા અનુભવો ધરાવે છે?
2. અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકને અસરકારક બનાવવા કઈ કઈ વ્યૂહરચનાઓ અપનાવી શકાય?

**સીમાંકન**

- પ્રસ્તુત અભ્યાસ માટે ધો-૧૧ અને ૧૨ના અર્થશાસ્ત્રના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન એક બિન અનુદાનિત બી.એડ. કૉલેજના ૨૦ તાલીમાર્થીઓ અને સુરત શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શીખવતા પાંચ શિક્ષકોને સમાવ્યા હતાં.
- સંશોધન ઉપકરણ તરીકે તાલીમાર્થીઓ માટે પુસ્તકોની સમીક્ષા કરવા **લૂઇસ વાંગલે સૂચિત માપદંડ** અને એક મુક્ત જવાબી પ્રશ્નનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- પ્રાપ્ત માહિતીના આધારે જ અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકોની ગુણવત્તા સંબંધી વ્યૂહરચનાઓ દર્શાવવામાં આવી હતી.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન બિનઅનુદાનિત બી.એડ. કૉલેજોમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શીખવતા શિક્ષકો પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતું. જે પૈકી શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજના ૨૦ વિદ્યાર્થીઓ અને સુરત શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર શીખવતા પાંચ શિક્ષકોને હાથવગા નમૂના પસંદગીની રીતે પસંદ કર્યા હતાં.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

**ઉપકરણોની પસંદગી અને સંરચના**

પ્રસ્તુત અભ્યાસમાં અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકોની ગુણવત્તા વધારવા સંબંધી વ્યૂહરચનાઓ દર્શાવવા પૂર્વે બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓ અને અર્થશાસ્ત્રના શિક્ષકોને **લૂઇસ વાંગલે સૂચિત માપદંડ** આપી ધોરણ ૧૧ અને ૧૨ના અર્થશાસ્ત્રના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોનું મૂલ્યાંકન કરાવ્યું હતું. જેમાં કુલ પાંચ આધારો પર પાઠ્યપુસ્તકના વિવિધ પાસાં ચકાસવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાઠ્યપુસ્તકની ગુણવત્તા માટેના સૂચન મેળવવા એક મુક્ત જવાબી પ્રશ્ન પૂછ્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

નિયત ઉપકરણની મદદથી બી.એડ.ના પ્રથમ શૈક્ષણિક વર્ષ:૨૦૧૮ના બીજા સેમેસ્ટરમાં માર્ચ માસની ૧૫મી તારીખ સુધીમાં માહિતીનું એકત્રિકરણ કરવામાં આવ્યું. નમૂનાના પાત્રોને માહિતી પ્રાપ્તિનો ઉદેશ્ય સમજાવી સાયુજ્ય સ્થાપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

**માહિતી વિશ્લેષણની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું વર્ણનાત્મક આંકડાશાસ્ત્રની મદદથી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેમાં **લૂઇસ વાંગલે સૂચિત માપદંડ** દ્વારા પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરવા માટે સારણીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુક્ત જવાબી પ્રશ્ન પર પ્રાપ્ત માહિતીનું સામાન્યીકરણ કર્યું હતુ. જેમાં સમાન ઉત્તરોની આવૃત્તિ મેળવી સૌથી વધુ આવૃત્તિવાળા સૂચનને પ્રથમ ક્રમ આપી તે બાદ ઉતરતા ક્રમે દર્શાવ્યા હતા. અભ્યાસ અંતર્ગત માપદંડ અને મુક્ત જવાબી પ્રશ્નના ઉત્તર સ્વરૂપે પ્રાપ્ત માહિતીના આધારે પાઠ્ય પુસ્તકને અસરકારક બનાવવા હાથ ધરી શકાય તેવા સંકેત મળ્યા હતા જેને વ્યૂહરચના સ્વરૂપે સ્વીકાર્યા હતા.

**અભ્યાસના તારણો**

અભ્યાસના પરિણામોના આધારે પ્રાપ્ત થતાં તારણો નીચે મુજબ છે.

**અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોનાં સારા-નરસાં પાસાં**

**૧. વિષયવસ્તુ**: સંદર્ભો દર્શાવ્યા નથી. ધોરણ-૧૧ માં માહિતી ગીચ છે. આલેખનો ઉલ્લેખ બંને વર્ષમાં થયો છે.

**૨. વિષયની રજૂઆત**: નવીન સિદ્ધાંત, વ્યાખ્યા, પરિણામો બોલ્ડ અક્ષરે ન દર્શાવતા માત્ર શીર્ષક જ બોલ્ડ દર્શાવ્યા છે. અન્ય પદ્ધતિઓનો ઉલ્લેખ ઓછો થયો છે.

**૩. વિષયવસ્તુની ગોઠવણી**: વિવિધ સ્તર અને વિસ્તારના વિદ્યાર્થીઓ અનુસાર રજૂઆત થયેલ નથી. તેમજ વધારાની માહિતી દૂર થઇ શકે તેમ નથી.

**૪. આકૃતિ, ફોટોગ્રાફ્સ, આલેખ, ચિત્રો અને અનુસૂચિ**: ઈતર વાંચન માટેના સંદર્ભોનો ઉલ્લેખ નથી. ધોરણ-૧૧ના પાઠ્યપુસ્તકમાં કેટલીક અનુસૂચિઓના શીર્ષક નથી, ધોરણ-૧૨ના પાઠ્યપુસ્તકમાં શીર્ષક અને સ્ત્રોત દર્શાવ્યો છે. પણ યોગ્યશૈલીમાં રજૂ નથી થયેલ. બંને પુસ્તકમાં સારાંશ દર્શાવેલ નથી.

**૫. ભૌતિક બાબતો**: બંને પુસ્તકો ૧/૪ સાઈઝના છે. ધોરણ-૧૧ના પુસ્તકમાં અક્ષરો નાના છે.

**પાઠ્યપુસ્તકોની ગુણવત્તા સુધારવા માટેના તાલીમાર્થીઓએ કરેલા સૂચનો**

- પુસ્તક રાષ્ટ્રીય સ્તરનું રાખવું.
- ધોરણ-૧૧નો અભ્યાસક્રમ કઠિન છે.
- સ્વ-અધ્યયનને પ્રોત્સાહિત કરે તેવી બાબતો વધુ સમાવવી જોઈએ.
- પ્રકરણનો ટૂંકસાર દર્શાવવો જરૂરી.
- સમયાંતરે અભ્યાસક્રમમાં પરિવર્તન કરવું જોઈએ.
- ધોરણ-૧૨માં વર્તમાન પ્રવાહોને અનુરૂપ વિષયાંગ સમાવવા જરૂરી.
- તાજી આંકડાકીય માહિતી સમાવવાની યોજના વિચારી શકાય.
- સ્તર અને વિસ્તાર અનુસાર ઉદાહરણો મૂકવા જોઈએ.

**અર્થશાસ્ત્ર શીખવતા શિક્ષકોના પાઠ્યપુસ્તકો સંબંધી અનુભવો**

- ધોરણ-૧૧માં અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ કઠિન છે.
- કેટલાક મુદ્દાઓની રજૂઆત સરળતાથી કઠિનતા મુજબ નથી.
- ધોરણ-૧૧માં એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મિશ્રણ વિદ્યાર્થીઓને કઠિન જણાય છે.
- કેટલાક મુદ્દાઓ ગોખણપટ્ટી માટે પ્રેરે છે.
- આંકડાકીય માહિતી, ચિત્રો, અનુસુચિ તાર્કિક માહિતી સાથે રજૂ કરવી.

**અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકને અસરકારક બનાવવાની વ્યૂહરચનાઓ**

- ✓ અભ્યાસક્રમ આધુનિક બનાવવો.
- ✓ આધુનિક પ્રવાહોને સ્થાન આપવું.
- ✓ સરળતાથી કઠિન રજૂઆત.
- ✓ પાઠ્ય પુસ્તકનો દેખાવ અસરકારક બનાવવી.
- ✓ માહિતીને અદ્યતન રાખવી.
- ✓ માહિતીના સ્ત્રોતની રજૂઆત કરવી.
- ✓ સ્વાધ્યાયના સ્વરૂપને બદલવું.
- ✓ પ્રસ્તુતિકરણ અસરકારક બનાવવું.

**શૈક્ષણિક ફલિતાર્થો**

- અભ્યાસક્રમ ઘડતી વેળાએ વિદ્યાર્થીઓની વયકક્ષા અને વિષયનું નાવિન્ય જેવી બાબતો ધ્યાને લેવી જોઈએ.
- NCERT દ્વારા સૂચવાતા, નવા સર્જાતા મુદ્દાઓને સમાવવાની યોજના વિચારવી જોઈએ.
- પાઠ્યપુસ્તકમાં વખતો વખત ઉમેરાતી નવી માહિતી માટે કંઇક વ્યવસ્થા કરવી જોઈએ. જેમકે પાઠ્યપુસ્તકને અંતે કોઠા આપી શકાય.
- આધુનિક સમયમાં પાઠ્યપુસ્તકને રોચક, ઉપયોગી અને અર્થપૂર્ણ બનાવવા જરૂરી બાબતોમાં ફેરફાર કરવો, નવી ઉમેરવી જોઈએ.
- કમ્પ્યુટર અને ઈંટરનેટના વપરાશ દ્વારા સઘન શિક્ષણ માટે પાઠ્ય પુસ્તકમાં તેની માહિતી આપવી જોઈએ.
- પ્રવૃત્તિ, જે-તે મુદ્દાને અનુરૂપ અધ્યાપન પદ્ધતિઓની નોંધ, ચાર્ટ, ચિત્રો, આલેખ, નકશા સમાવી પુસ્તકને રોચક બનાવવું જોઈએ.

## સંદર્ભસુચિ


I. દેસાઈ, કે. અને શાહ, જે. (૨૦૦૦). સંશોધન અને પદ્ધતિઓ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

II. દેસાઈ, કે., શાહ, જે. અને શાહ, આર. (૧૯૮૪). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

III. ભટ્ટ, કે. અને અન્યો. (૨૦૧૬). અર્થશાસ્ત્ર ધોરણ-૧૧. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

IV. ભટ્ટ, કે. અને અન્યો. (૨૦૧૭). અર્થશાસ્ત્ર ધોરણ-૧૨. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

V. શાહ, ડી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન (દિશાદર્શન). અમદાવાદ: પ્રમુખ પ્રકાશન.

VI. વોરા, એન. અને અન્યો. (૨૦૦૮). અર્થશાસ્ત્રનું અભિનવ અધ્યાપન. અમદાવાદ: નીરવ પ્રકાશન.

VII. www.josepicardo.com>education

VIII. http://thecornersstoneforteachers.com


**સારણી-૧**

**ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અમલી અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોનાં સારા-નરસાં પાસાં**

| ક્રમ | ઘટક | પેટા ઘટક | ધોરણ-૧૧ | | ધોરણ-૧૨ | |
|---|---|---|---|---|---|---|
| | | | સારું પાસું | નબળું પાસું | સારું પાસું | નબળું પાસું |
| ૧. | વિષયવસ્તુ | પાઠ્યક્રમ મુજબ મુદ્દાઓ | છે | અમૂક પ્રકરણમાં એકથી વધુ બાબતોનું મિશ્રણ | છે | - |
| | | સંદર્ભ | - | નથી | - | નથી |
| | | ઐતિહાસિક અભિગમ | છે | - | છે | - |
| | | આધુનિક જ્ઞાન | છે | - | છે ૨૦૧૪-'૧૫ સુધીના આંકડા દર્શાવેલ છે | - |
| | | સામાજિક સંબંધ | છે | - | છે | - |
| ૨. | વિષયની રજૂઆત | આગમનિક અભિગમ | - | નથી | છે | - |
| | | પ્રશ્ન પદ્ધતિ | છે | અન્ય પદ્ધતિઓનો ઉલ્લેખ નથી | છે | અન્ય પદ્ધતિઓનો ઉલ્લેખ નથી |
| | | શૈલી ઘરગથ્થુ અને રસમય | છે | - | છે | - |
| | | પારિભાષિક શબ્દો | છે | - | છે | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | બોલ્ડ ફેસમાં | | | | |
| | | નવીન સિદ્ધાંતો વ્યાખ્યાઓ, પ્રયોગ, પરિણામો મોટા અક્ષરે | **માત્ર શીર્ષક બોલ્ડ દર્શાવ્યા છે.** | - | **માત્ર શીર્ષક બોલ્ડ દર્શાવ્યા છે** | - |
| ૩. | **વિષયવસ્તુની ગોઠવણી** | વિવિધ સ્તરના વિદ્યાર્થીઓની ક્ષમતા અનુસાર | - | **નથી** | **છે** | - |
| | | વિસ્તારગત તફાવતોને કેન્દ્રમાં રાખી | - | **નથી** | - | **નથી** |
| | | વધારાની માહિતી દૂર થઇ શકે તેમ રજૂઆત | - | **નથી** | - | **નથી** |
| | | તટસ્થ લખાણ | **છે** | - | **છે** | - |
| ૪. | **આકૃતિ, ફોટોગ્રાફ્સ, આલેખ, ચિત્રો અને અનુસૂચિ** | ઈતરવાંચન માટે સંદર્ભોનો ઉલ્લેખ | - | **નથી** | - | **નથી** |
| | | સારાંશ | - | **નથી** | - | **નથી** |
| | | સ્વાધ્યાય | **છે** | - | **છે** | - |
| | | આકૃતિ, ફોટોગ્રાફ્સ, આલેખ, ચિત્રો અને અનુસૂચિઓ | **છે** | **ક્યાંક સારણીઓના શીર્ષક નથી** | **છે** | **ફોટોગ્રાફ અને ચિત્રો નથી** |
| ૫. | **ભૌતિક બાબતો** | મુખપૃષ્ઠ | **છે** | **તાર્કિક ક્રમ જરૂરી** | **છે** | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | કદ | ૧/૪ size | - | ૧/૪ size | - |
| | | કાગળ/પૃષ્ઠની ગુણવત્તા | સારી | - | સારી | - |
| | | અક્ષરનું કદ, જાડાઈ, લખાણ | - | નાના, ખૂબ જ ગીચ | યોગ્ય છે | - |
| | | વાચનક્ષમ | છે | - | છે | - |
| | | કિંમત | - | વધુ | - | વધુ |

**સારણી-૨**

**અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકોની ગુણવત્તા સુધારવા માટે તાલીમાર્થીઓના સૂચનો**

| ક્રમ | સૂચનો | આવૃત્તિ |
|---|---|---|
| ૧. | પુસ્તક સ્તર રાષ્ટ્રીય ધોરણ અનુસાર બનાવવું. | ૧૧ |
| ૨. | અભ્યાસક્રમ કઠિનતા વિદ્યાર્થીઓની વયકક્ષા મૂજબ રાખવી. | ૧૨ |
| ૩. | કેટલાક મુદ્દાઓને વિશદ સમજાવવા જરૂરી. | ૧૦ |
| ૪. | વધુ વાચન માટેના સ્ત્રોત દર્શાવવા જરૂરી. | ૧૪ |
| ૫. | સરળતાથી કઠિનતાના ક્રમમાં રજૂઆત થવી જોઈએ. | ૦૭ |
| ૬. | સ્વ-અધ્યયનને પ્રોત્સાહિત કરે તેવી બાબતો વધુ સમાવવી જોઈએ. | ૦૬ |
| ૭. | પ્રકરણના અંતે ટૂંકસાર દર્શાવવો જરૂરી. | ૦૭ |
| ૮. | સમયાંતરે અભ્યાસક્રમમાં પરિવર્તન કરવું જોઈએ. | ૧૨ |
| ૯. | ધોરણ-૧૨માં વર્તમાન પ્રવાહોને અનુરૂપ વિષયાંગ સમાવવા જરૂરી. | ૧૨ |
| ૧૦. | રજૂઆતશૈલીમાં ક્ષતિ ન રહે તેની કાળજી રાખવી. | ૦૫ |
| ૧૧. | સ્વાધ્યાયમાં વિવિધતા લાવી શકાય. | ૦૮ |
| ૧૨. | તાજી આંકડાકીય માહિતી સમાવવાની યોગ્ય યોજના વિચારી શકાય. | ૨૦ |
| ૧૩. | વિદ્યાર્થીઓના સ્તર અને વિસ્તાર અનુસાર ઉદાહરણો મૂકવા જોઈએ. | ૧૭ |
| ૧૪. | E-BOOK માટેની યોજના વિચારવી જોઈએ. | ૦૩ |

**સારણી-૩**

**ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અર્થશાસ્ત્ર શીખવતા શિક્ષકોના પાઠ્યપુસ્તકો સંબંધી અનુભવો**

| શિક્ષક | પુસ્તક સંબંધી અનુભવ |
|---|---|
| ૧. | ધોરણ-૧૧માં વિધાર્થીઓ માટે અર્થશાસ્ત્ર કઠિન વિષય છે., ક્યાંક માહિતીનો ભરાવો, સ્થાનિક ઉદાહરણો નથી. ધોરણ-૧૧ના પુસ્તકમાં અક્ષરનું કદ નાનું છે. |

| | |
|---|---|
| ૨. | ધોરણ-૧૧માં વિષયાંગોનો ક્રમ સરળતા થી કઠિનતા મુજબ નથી., ચાર્ટ, ચિત્રો સીમિત, આંકડાકીય માહિતી વધુ. |
| ૩. | વ્યક્તિલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિદ્યાર્થીઓ માટે વધુ કઠિન છે., આર્થિક વિચારોમાં વધુ વિચારકોને સમાવવા જોઈએ. |
| ૪. | કેટલુક વિષયવસ્તુ માત્ર ગોખણપટ્ટી માટે પ્રેરે છે, અન્ય પદ્ધતિઓનો નિર્દેશ થયેલ નથી, સ્વાધ્યાયમાં વિવિધતા અન્ય હેતુઓ ચકાસે તેવા પ્રશ્નો ઓછા. |
| ૫. | ચાર્ટ, ચિત્રો, આલેખ ઓછા, વધુ માહિતીસભર, અક્ષરોનું કદ નાનું., સારણીઓની રજૂઆત યોગ્ય રીતે થઇ નથી. |

**સારણી-૪**

**અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તક સંબંધી વ્યૂહરચનાઓ અને અમલીકરણ યોજના**

| ક્રમ | વ્યૂહરચના | અમલીકરણ યોજના |
|---|---|---|
| ૧. | અભ્યાસક્રમ આધુનિક બનાવવો. | અમુક વર્ષો પછી અભ્યાસક્રમમાં પરિવર્તન આવવા જરૂરી. રાષ્ટ્રીય કક્ષા અનુસાર રાખી શકાય, CBSE અનુસાર રાખી શકાય. |
| ૨. | આર્થિક ક્ષેત્રે આવતા પરિવર્તનો અને આધુનિક પ્રવાહોને સ્થાન આપવું. | RBI, બેંકિંગ, ઉદ્યોગ, આંતર માળખાકીય, પરિવહન, વિદેશનીતિ, આયોજન, બજેટ જેવા પાસાં છેલ્લા અમૂક વર્ષમાં પરિવર્તન પામ્યા છે, તેને સ્થાન મળવું જોઈએ. |
| ૩. | સરળતાથી કઠિન રજૂઆત. | ધોરણ-૧૧ અને ૧૨ના પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસાર પ્રકરણની પુનઃ રચના અને પુનઃ ગોઠવણી જરૂરી |
| ૪. | દેખાવ અસરકારક બનાવવી. | પૃષ્ઠની ગુણવત્તા, રંગીન મુદ્દાઓ અને રજૂઆત શૈલી રોચક બનાવવી., અક્ષરનું કદ સહેજ મોટું રાખવું. |
| ૫. | માહિતીને અદ્યતન રાખવી. | અમુક વર્ષે પુનઃ લેખન, નવીન આંકડા કે બદલાતી માહિતી માટે પુસ્તકમાં છેલ્લે કોઠાઓમાં જગ્યા આપી શકાય. |
| ૬. | માહિતીના સ્ત્રોતની રજૂઆત. | પ્રકરણના અંતે વધુ અભ્યાસ માટેનો સ્ત્રોત પુસ્તક કે વેબસાઈટ સ્વરૂપમાં દર્શાવવો., ઈન્ટરનેટ લીંક, વેબસાઈટ દર્શાવવી. |
| ૭. | સ્વાધ્યાયના સ્વરૂપને બદલવું. | સ્વાધ્યાયમાં જ્ઞાનાત્મક પાસાં ને સ્થાને અનુભવના પાસાં પર વધુ ભાર આપવો. |
| ૮. | પ્રસ્તુતિકરણ અસરકારક બનાવવું. | કોઠા, ચાર્ટ, સ્ત્રોતને માહિતીસભર અને અસરકારક બનાવી શકાય. |

***************************************************************************************

**ડૉ.ભાવેશ રાવલ**
આચાર્ય
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ
પાંડેસરા

Copyright © 2012 - 2019 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat